

## ધરતીમાતા અને બાળકો

– વસંતલાલ પરમાર

ઓરીસાની ઉડિયા ભાષાની આ લોકકથા છે.

ઓરીસા જનપ્રદેશમાં ઉનાળાના અંતભાગમાં 'ઐજો' નામનો તહેવાર ઊજવાય છે. આ તહેવાર વર્ષના મોસમી પવનોના આગમનનું પ્રતીક મનાય છે. ત્યાંના લોકોની એવી માન્યતા છે કે, આખા વરસમાં ત્રણ દિવસ ધરતીમાતા આરામ કરે છે, એ પછી જ વરસાદ વરસે છે. ત્રણ દિવસના આરામ પછી જ્યારે ધરતીમાતા વરસાદના પાણીથી સ્નાન કરે છે, ત્યારે એનો સારોયે થાક ઊતરી જાય છે અને ધરતીમાતા તાજાંમાજાં બને છે.

'ઐજો' તહેવારની ઉજવણી વખતે લોકો પોતાના ઘેર ઝૂલા બાંધે છે. બાળકો ઝૂલા પર ઝૂલીને આનંદ કરે છે. ઘરમાં મીઠા પૂડા બનાવે છે. લોકો નવાં કપડાં પહેરે છે અને સગાં–વહાલાંને પૂડા ખવડાવે છે. બાલિકાઓ વીણા બજાવે છે. સ્ત્રીઓ પગે મહેંદી લગાવે છે અને સૌ ઝૂલે ઝૂલીને આનંદમંગલ કરે છે.

પુરાણા સમયની વાત છે.

'ઐજો'ના તહેવારનો પ્રથમ દિવસ હતો. બુલુ અને બુલી નામનાં બે ભાઈ–બહેન જૂનાંપુરાણાં, મેલાંઘેલાં કપડાં પહેરીને ફરતાં હતાં. ગઈ સાલ એમનાં મા–બાપ મરણ પામ્યાં હતાં, એટલે બન્ને જણાં કાકાને ત્યાં રહેતાં હતાં. એમને રખડતાં જોઈને કાકો ધમકાવતાં બોલ્યો :

'અરે, છોકરાં અહીં કેમ રખડો છો ? જાઓ, જંગલમાં જઈને લાકડાં કાપી લાવો. આજે તહેવાર છે. તમારી કાકી મીઠા પૂડા બનાવવાની છે. જલદી જાઓ.'

કાકાનો હુકમ થતાં જ બુલુ અને બુલી કુહાડી લઈને જંગલ તરફ ઊપડયાં. રસ્તામાં જતાં એમણે જોયું કે એમના જેવડાં બીજાં બાળકો રંગબેરંગી નવાં કપડાં પહેરીને ઝૂલે છે. એમનાં ઘરોમાં પૂડા બની રહ્યાની મીઠી ખુશ્બુ આવી રહી છે.

આ બધું જોઈ બુલી પૂછવા લાગી : 'ભાઈ ! આપણાં મા–બાપ ક્યાં ચાલ્યાં ગયાં ? આ લોકોની જેમ આપણને આજે નવાં કપડાં પહેરવા નહિ મળે ?

નાની બહેનને સમજાવતાં બુલુ બોલ્યો, : 'બહેન ! આપણાં મા–બાપને ભગવાને એમની પાસે બોલાવી લીધાં છે, એટલે આપણે કાકા–કાકીને આશરે ઓશિયાળાં થઈને રહીએ છીએ. આપણને કોણ નવાં કપડાં પહેરાવે ? કોણ લાડ લડાવે ? કાકી જે વધ્યું–ઘટયું આપે એ ખાવું પડે !'

આમ બોલીને બુલીનો હાથ પકડીને આગળ ચાલ્યો. બન્ને જણાં જંગલમાં પહોંચ્યાં. બુલુએ એક વૃક્ષની ડાળ પર કુહાડીનો ઘા કર્યો.

વૃક્ષ બોલ્યું : 'અરે, ભાઈ ! તહેવારના ત્રણ દિવસ તો અમને આરામથી રહેવા દે ! એમને કેમ કાપે છે ?'

બુલુ કહે : 'કાપું નહિ તો શું કરું ? લાકડાં ન લઈ જાઉં તો કાકો અમને માર મારશે, ખાવા નહિ આપે, સારાં કપડાં નહિ પહેરાવે.'

ભાઈની વાત સાંભળી બુલી પણ રડવા લાગી.

એટલામાં અચાનક એક ડોશી ત્યાં આવી પહોંચી. રડતાં બાળકોને છાનાં રાખી પૂછવા લાગી :

'અલ્યા છોકરાં ! કેમ રડો છો ? આજે તો ઐજોનો પહેલો દિવસ છે.

બુલુએ ડોશીમાને પોતાની વીતકકથા સંભળાવી.

ડોશી બોલી : 'રડશો નહિ મારાં વહાલાં બાળકો ! હું ધરતીમાતા છું. હું પણ તમારી સાથે તમારે ઘેર આવું છું.

ત્રણે જણાં ગામમાં પહોંચ્યાં.

કાકાએ છોકરાંને ખાલી હાથે પાછાં આવેલાં જોયાં. એની નજર પેલી ઘરડી ડોશી પર પડી. એને જોતાં જ કાકાનો ગુસ્સો સાતમા આસમાને પહોંચી ગયો. એ છોકરાંને ધમકાવતાં બોલ્યો :

'તમે બન્ને ભાઈ–બહેન હરામનું ખાવાનું ઇચ્છો છો ? કામ તો કંઈ કરતાં નથી અને ઉપરથી પાછી આ ડોશીને ઘેર લઈ આવ્યા ?'

કાકી પણ મિજાજ કરતી ત્યાં આવી પહોંચી. એ ઘાંટા પાડી બોલવા લાગી : 'ઓ અભાગિયાં ! તમે ક્યારનાં ગયાં છો, પણ હજુ લાકડાં પણ લાવ્યાં નથી ? હું પૂડા કેમ કરીને બનાવીશ ? તમે ખાશો શું ?

ધરતીમાતા તો એ બન્ને જણાંની ધમકી ચૂપચાપ સાંભળી રહ્યા, અને પછી પેલાં અનાથ ભાઈ–બહેનનો હાથ પકડીને ચાલવા માંડયાં.

કાકો–કાકી તો આ જોઈ જ રહ્યાં. એમને થયું કે બલા ગઈ !

લોકોનાં ઘરોમાંથી પૂડાની મીઠી ખુશ્બો આવી રહી હતી. કેટલીક સમજુ સ્ત્રીઓએ ધરતીમાતાને અજાણ્યાં મહેમાન સમજીને પોતાને ઘેર બોલાવ્યાં. એમનો આદર–સત્કાર કરી પાણી આપ્યું અને પૂડાની થાળી મૂકી.

ધરતીમાતાએ પૂડા પેલાં ભાઈ–બહેનોને વહેંચી આપ્યા અને પછી ધરતીમાતા બન્નેને લઈને જંગલમાં ચાલ્યાં ગયાં. બાળકો તો જંગલમાં હરે–ફરે છે, ફળ–ફૂલ ખાય છે, ઝરણાનું પાણી પીને આનંદ કરે છે.

આમ ત્રણ દિવસ વીતી ગયા. બુલુ અને બુલી હજુ ઘેર પાછાં ફર્યાં નહિ. વરસાદ પણ ન વરસ્યો. લોકો ગભરાઈ ગયા કે હવે તો જરૂર દુકાળ પડશે !

ગામલોકોએ જ્યારે આ વાત જાણી ત્યારે સૌ એમને ફિટકારી આપવા લાગ્યાં.

ગામનો મુખી એમને ધમકાવવા લાગ્યો : 'અરે, તમે લોકોએ ઘેર આવેલા અતિથિનું અપમાન કર્યું ! એનું ફળ અમારે સૌએ ભોગવવું પડશે. મા–બાપ વગરનાં બાળકો સાથે તમે નિર્દયતાથી વર્ત્યાં છો, એ જ કારણે ધરતીમાતા આપણાથી નારાજ થયાં છે. તમે બન્ને જણાં ધરતસમાતાની માફી માંગો, એમની સેવા–પૂજા કરો અને બુલુ–બુલીને શોધીને ઘેર લઈ આવો. જાઓ, જલદી જાઓ.'

કાકા–કાકીએ પોતાની ભૂલ સમજાઈ. એ પસ્તાવો કરવા લાગ્યાં. એમણે ધરતીમાતાની માફી માગી અને પૂજા કરી. પૂડા બનાવીને ગામમાં વહેંચ્યા. એટલામાં જોરદાર વરસાદ વરસ્યો. વરસાદ બંધ પડતાં જ પલળતાં બુલુ–બુલી ઘેર આવી ગયાં. કાકા–કાકી સમજી ગયાં કે ધરતીમાતા એમની પરીક્ષા કરવા આવ્યાં હતાં.

એ દિવસથી કાકો–કાકી બુલુ–બુલીને પ્રેમપૂર્વક પોતાનાં બાળકોની જેમ રાખવા લાગ્યાં.

આજે પણ 'ઐજો'નો તહેવાર ત્રણ દિવસ ધામધૂમથી ઓરીસા પ્રદેશમાં ઊજવવામાં આવે છે.

■